# પિન્ટુનો પસ્તાવો

– મણિલાલ પટેલ 'જગત્મિત્ર'

એક હતા મગનદાદા.

મગનદાદા બાળકો સાથે ખૂબ રમે. મોટેરાંને આ ન ગમે.

મગનદાદાની ઉંમરના ઘરડા છગનદાદાએ મગનદાદાને કહ્યું – ''મગન, તારી ખરેખર સાઠે બુદ્ધિ નાઠી છે. આ ઉંમરમાં કદી છોકરાં સાથે રમાય ?''

મગનદાદાએ કહ્યું – ''બાળકો તો પ્રભુનું સ્વરૂપ ગણાય. ભોળાં બાળકોની કાલીઘેલી ભાષા



મને ખૂબ જ ગમે છે. નસીબદાર હોય એને જ બાળકો સાથે રમવાની તક મળે.''

''તમે રમ્યા કરો તમતમારે. આ તમારાં વહાલાં બાળકો જ તમારી ફિલ્મ ઉતારશે. મારી વાત ખોટી નથી.'' આમ કહીને છગનદાદા ચાલતા થઈ ગયા.

બાળકો ચીસો પાડી પાડીને છગનદાદાના ચાળા પાડવા લાગ્યાં. મગનદાદાએ કહ્યું – ''મારાં વહાલીડાં, એમ ના કરીએ. સાંભળો, અમારા વખતમાં એક કવિતા ભણવામાં આવતી. આખી તો યાદ નથી. બે લીટીઓ જ આવડે છે. સાંભળો –

**જે જન મશ્કરી કરવા જાય,**

**મોડું–વહેલું તે પસ્તાય.**

માટે કોઈ ઘરડા માણસની મશ્કરી ના કરવી જોઈએ.''

બાળકો શાંત થઈ ગયાં.

પછી મગનદાદાએ એમને એક વાર્તા કહી ત્યારબાદ બધાં પોતપોતાને ઘેર ગયાં.

બીજા દિવસે બધાં બાળકો ગામ–ઝાંપે ભેગાં થયાં. થોડીવાર પછી મગનદાદા પણ ત્યાં આવી ગયા. આજે તો બાળકોએ પોતપોતાને ગમતી વાર્તાઓ કહી. મગનદાદાએ પણ એક વાર્તા કહી.

ત્યારબાદ મગનદાદા એક બાજુએ બેઠા. બાળકો પછી રમવા લાગ્યાં.

આ બાળકોમાં પિન્ટુ નામે એક છોકરો ખૂબ તોફાની. બીજાને ઈજા પહોંચાડવામાં તેને મજા આવતી. તે મશ્કરો પણ ખૂબ હતો.

આજે તો ખૂબ મોડું થઈ ગયું. સૂરજ મહારાજ આથમી ગયા. ધરતી પર અંધારું ફેલાવા લાગ્યું.

મગનદાદાને રતાંધળાનો રોગ હતો. રતાંધળાના રોગવાળા માણસને રાતે દેખાતું નથી. મગનદાદાને દેખવામાં અગવડ થવા લાગી.

તેમણે બાળકોને કહ્યું – ''અલ્યા બાળકો, મને કોણ દોરશે ?''

પિન્ટુ એ કહ્યું : ''હું દોરીશ.''

મગનદાદાએ એક હાથમાં લાકડીનો છેડો પકડયો. લાકડીનો બીજો છેડો પિન્ટુએ પકડયો. પિન્ટુ આગળ ને મગનદાદા પાછળ.

પિન્ટુએ બધાં બાળકોને ધીમા અવાજે કહ્યું : ''કોઈએ બોલવાનું નહીં.''

આગળ એક એક ખાડો હતો.

પિન્ટુનો વિચાર મગનદાદાને ખાડામાં નાખવાનો હતો. તે મગનદાદાને ખાડા તરફ દોરી જવા લાગ્યો.

એટલામાં મગનદાદા બોલ્યા : ''મારી વ્હાલીડા પિન્ટુ, તું કેટલાં બધો સારો છે બેટા ? તું તારા દાદાને પણ આમ દોરે છે ને ?''

પિન્ટુ કંઈ બોલ્યો નહીં.

''કેમ બોલ્યો નહીં, વહાલા દીકરા ?''

વ્યોમેશ નામનો છોકરો બોલ્યો : ''પિન્ટુ, મગનદાદા તારા દાદા જેવા માયાળુ છે. ખરું ને ? તે તને કેવા વહાલભર્યા શબ્દે બોલી રહ્યા છે ?''

પિન્ટુને મગનદાદામાં હવે પોતાના દાદા દેખાવા લાગ્યા. પિન્ટુને હવે પસ્તાવો થવા લાગ્યો : 'અરે રે ! આવા દાદાને ખાડામાં કેમ નખાય ?''

એવો જ પિન્ટુ ખાડાવાળી દિશા મૂકીને સરખા રસ્તે ચાલવા લાગ્યો.

■